# Visit of the Prime Minister of Denmark to India (October 9-11, 2021)

October 05, 2021

---

# ડેન્માર્કના વડાપ્રધાનની ભારત મુલાકાત (ઓક્ટોબર 9-11, 2021)

ઓક્ટોબર 05, 2021

ડેન્માર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેન 9-11 ઓક્ટોબર 2011 દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાત લેશે.

2. પોતાની મુલાકાત દરમિયાન, મેટ્ટે ફ્રેડરિકસેન ભારતના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરશે અને પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. તેઓ થિંક ટેન્ક્સ, વિદ્યાર્થીઓ અને નાગરિક સમાજના સભ્યો સાથે પણ વાતચીત કરશે.

3. ભારત-ડેન્માર્કના દ્વિપક્ષીય સંબંધો નિયમિત ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાન દ્વારા ચિહ્નિત થયેલ છે અને ઐતિહાસિક કડીઓ, સામાન્ય લોકશાહી પરંપરાઓ અને પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતા માટેની સહિયારી ઈચ્છા પર આધારિત છે..

4. 28 સપ્ટેમ્બર 2020ના રોજ યોજાયેલી વર્ચ્યુઅલ સમિટ દરમિયાન, ભારત અને ડેન્માર્કે 'ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' ની સ્થાપના કરી હતી. મેટ્ટે ફ્રેડ્રિકસેનની મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર શ્રેણી પર ચર્ચા કરવાની અને 'ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ના અમલીકરણમાં પ્રગતિની સમીક્ષા કરવાની તક આપશે. બંને પક્ષો પરસ્પર હિતના પ્રાદેશિક અને બહુપક્ષીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

5. ભારત અને ડેન્માર્ક વચ્ચે મજબૂત વેપાર અને રોકાણ સંબંધો છે. ભારતમાં 200થી વધુ ડેનિશ કંપનીઓ હાજર છે અને 60 થી વધુ ભારતીય કંપનીઓની ડેન્માર્કમાં હાજરી છે. નવીનીકરણીય ઉર્જા, સ્વચ્છ ટેકનોલોજી, પાણી અને કચરો વ્યવસ્થાપન, કૃષિ અને પશુપાલન, વિજ્ઞાન અને ટેકનોલોજી, આઇસીટી સહિતના ડિજિટાઇઝેશન, સ્માર્ટ સિટીઝ, શિપિંગ વગેરે ક્ષેત્રોમાં મજબૂત સહયોગ છે.

6. આ મુલાકાત ભારત અને ડેન્માર્ક વચ્ચેના ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવે અને આગળ લઈ જાય તેવી અપેક્ષા છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 5, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.